CRMA J /866/2026

<u>**હુકમ**</u>

અરજી વંચાણે લીધી આરોપી તર્ફે વિ.વકીલ શ્રી લંબાણ પુરવક દલીલ કરે છે જેની મુખ્ય વિગતઓ એવી છે આરોપી હાલ જયુડીશીયલ કસ્ટડીમાં છે આરોપી આર્થીક અને કૌટુંબિક સમસાયથી ઘેરાયેલ છે આરોપી તર્ફે હાલનો કેસ ઝડપથી ચલાવવા પુરેપુરો સહકાર આપવામાં આવશે આરોપી સ્થાનીક ના રહેવાસી છે નામદાર કોર્ટ જે કોઇ શરતો ફરમાવશે તેનું પાલન કરીશ જેથી અરજી મંજુર કરવા અરજ છે.

ફરીયાદી તર્ફે અરજી મંજુર કરવા સામે વાંધો દર્શાવેલ છે અને ૨૦ ટકા રકમ આરોપી પાસે ભરવા અરજ કરેલ છે.

ઉપરોક બંન્ને પક્ષકારો દલીલ સાથે રેકર્ડ પરના પેપર્સ વંચાણે લેતા હાલનો કેસ સને–૨૦૨૨નો છે તેમ અગાઉ પણ આરોપી સામેનું વોરંટ રદ કરવામાં આવ્યું હતું હાલ ના આરોપી તથા આરોપી નં. ૨ ભગવાનજીભાઇ દેવજીભાઇ કે જે હાલ ના આરોપીના પીતા થાય છે તેમને ફરીયાદી સાથે સમાધાન કરી અને રૂા.૫,૮૫,૩૮૪ નો ચેક આપેલો જે પરત ફરેલ હતો તેમજ આરોપી તર્ફે આંક–૨૬થી ફરીયાદીની ઉલટ તપાસ માટે તેને રીકોલ કરવાની અરજી આપેલ હતી તેમ છતા ઉલટ તપાસ કરેલ નથી તેમજ હાલના આરોપી ઉપર આ સીવાય બીજા ૯ કેસ છે આ તમામ હકકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરતા ન્યાયનો હેતુ જળવાય રહે છે.

<u>હુકમ</u>

આરોપીની અરજી નીચેની સરતોને આધીન મંજુર કરવામાં આવે છે.

૧. આરોપી રૂા.૧૫૦૦૦/– જામીન અને તેટલી જ રકમનો જાત મુસરકો આપે તે આરોપીને જામીન ઉપર છોડવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ દીન–૩૦ માં રૂા.૧,૧૬,૦૦૦/– કોર્ટમાં જમાં કરવા.

૩. આરોપીએ હાલનો કેસ ઝડપથી ચલાવવા કોર્ટને સહકાર આપવો.

તા.૨૧/૦૮/૨૦૨૬
મોરબી

(પી.પી.શાહ)
એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
મોરબી